Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC

**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**

University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India

**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.

Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011 Fax : +91 - 261 - 2227312

E-mail : info@vnsgu.ac.in Website : www.vnsgu.ac.in

ક્રમાંક : જોડાણ/ગ્રાન્ટેડ/૨૦૧૧/૨૦૨૬

તા.૨૭–૦૧–૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

Vanraj Arts & Commerce College,
Dharampur – 396 050. Dist.: Valsad.

વિષય : રાજ્ય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી મેળવ્યા વગર આગામી શૈક્ષણિક વર્ષથી કોઈપણ અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને પ્રવેશની ફાળવણી નહી કરવા બાબત...

સંદર્ભ : ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના તા.૧૬–૧૨–૨૦૨૫ ના પત્રાંક : CHE/0095/12/2025

મહાશય,

સવિનય જણાવવાનું કે, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના ઉપરોક્ત સંદર્ભ પત્રાંકથી નીચે મુજબ જણાવવામાં આવેલ હોઈ, જે અંગે આપણી યુનિવર્સિટી સંલગ્ન અનુદાનપાત્ર કોલેજોમાં ચાલતા સ્વનિર્ભર વધારાના ડિવિઝન/અભ્યાસક્રમ/વિષય બાબતે બોર્ડ ઓફ ડીન્સની તા.૨૯–૧૨–૨૦૨૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૯ અન્વયે યુનિવર્સિટી સંલગ્ન જે અનુદાનિત કોલેજોમાં સ્વનિર્ભર અભ્યાસક્રમો ચાલે છે તે અનુદાનિત કોલેજોને શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ થી સ્વનિર્ભર સ્નાતક અભ્યાસક્રમો ક્રમશઃ બંધ કરવાની જાણ કરવા એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પરત્વે વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલની તા.૦૬–૦૧–૨૦૨૬ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૨૦ અન્વયે એક્ઝીક્યુટીવ કાઉન્સિલને કરેલ ભલામણ પર એક્ઝીક્યુટીવ કાઉન્સિલની તા.૧૨–૦૧–૨૦૨૬ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૯ થી મંજૂર કરી બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરેલ ભલામણ પર બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૨૧–૦૧–૨૦૨૬ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૪ થી કરેલ ભલામણનો યથાવત સ્વીકાર કરી મંજૂર કરવામાં આવેલ છે, તદઅનુસાર આપશ્રીની કોલેજમાં ચાલતા B.A. Sociology સ્વનિર્ભર અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ થી ક્રમશઃ બંધ કરવા આથી જાણ કરવામાં આવે છે.

**ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના તા.૧૬–૧૨–૨૦૨૫ ના પત્રાંક : CHE/0095/12/2025**

*"અત્રેની શાખા દ્વારા અત્રેની કચેરીના ગ્રાન્ટેડ કોલેજ સબંધિત શાખા કોલેજ વહીવટ શાખા અને ઓડિટ શાખાના અભિપ્રાય મુજબ, ગુજરાત રાજ્યની બિનસરકારી અનુદાનિત કોલેજોમાં ૧૯૮૯ ની રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ નીતિ અન્વયે નિભાવ ગ્રાન્ટ આપવામાં આવે છે જેમાં મકાન ગ્રાન્ટનો પણ સમાવેશ થાય છે. જેથી સરકારશ્રી દ્વારા જે મકાન માટે ગ્રાન્ટ આપવામાં આવતી હોય તે મકાનનો ઉપયોગ સ્વનિર્ભર વધારાના અભ્યાસક્રમ ચલાવવા માટે કે ખાનગી અભ્યાસક્રમ ચલાવી આવક ઉપાર્જીત થાય તે માટે કરી શકાય નહી. જેથી બિનસરકારી અનુદાનિત કોલેજોમાં સ્વનિર્ભર વધારાના અભ્યાસક્રમ ચલાવવા માટેની મંજૂરી આપી શકાય નહી. જે ધ્યાને લઈ આપની કક્ષાએથી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે."*

૨૭/૦૧/૨૬

કુલસચિવ

**નકલ સવિનય રવાના પ્રતિ :** ..... જાણ સારૂં..

(૧) ઈ.ચા. નાયબ કુલસચિવશ્રી, એકેડમિક–પી.જી. વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

(૨) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

(૩) ઈ.ચા. નાણાં અને હિસાબી અધિકારીશ્રી, નાણાં અને હિસાબી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત